# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ૨૮/૨/૨૦૨૦

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બર દ્વારા ચાર દિવસીય 'મેગા બિલ્ડ એક્ષ્પો– ૨૦૨૦' પ્રદર્શનની ભવ્ય શરૂઆત, ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા તા. ૨૮ ફેબ્રુઆરીથી આગામી ૨ માર્ચ ૨૦૨૦ દરમિયાન ચાર દિવસ માટે સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે 'મેગા બિલ્ડ એક્ષ્પો– ૨૦૨૦' પ્રદર્શનનો આજથી ભવ્ય શુભારંભ થયો છે.

આજે સવારે ૧૦:૩૦ કલાકે 'મેગા બિલ્ડ એક્ષ્પો– ૨૦૨૦' પ્રદર્શનનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે પધારેલા ભારત સરકારના સ્પેશિયલ સેક્રેટરી તથા મિનિસ્ટ્રી ઓફ માઇક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝીસના ડેવલપમેન્ટ કમિશનર શ્રી રામ મોહન મિશ્રા (આઇએએસ)ના વરદ હસ્તે પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ હતુ. અતિથિ વિશેષ તરીકે હીકોકી પાવર ટૂલ્સ ઇન્ડિયા પ્રા. લિ.ના એકઝીકયુટીવ ડાયરેકટર એન્ડ સેક્રેટરી શ્રી દત્તાત્રય જોશી હાજર રહયા હતા. દીપ પ્રાગટયવિધી સાથે સમારોહની શુભ શરૂઆત કરવામાં આવી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ સમારોહમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે, ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રશ્નો સમયસર સરકાર સુધી પહોંચાડી તેના નિરાકરણ માટે પ્રયાસ કરતા ચેમ્બર દ્વારા નવા નવા ડેવલપમેન્ટ, ઇન્ડસ્ટ્રી સુધી પહોંચાડવા તેમજ વિવિધ એસોસિએશનોને મજબુત કરવાના પ્રયાસના ભાગરૂપે પ્રોડકટ સ્પેસિફીક એકઝીબીશનો પણ યોજાય છે. સુરતનો ખૂબ જ ઝડપથી વિકાસ થઇ રહયો છે ત્યારે ઇન્ફ્રાસ્ટ્રકચરની સુવિધા વધી રહી છે. એના માટે હાર્ડવેર અને બિલ્ડીગ મટીરિયલ્સ પ્રોડકટ લોકો સુધી

આસાનીથી પહોંચે તે માટે એકઝીબીશન કરવામાં આવ્યુ છે. જેથી હાર્ડવેર એન્ડ બિલ્ડીગ મટીરિયલ્સ પ્રોડકટ ઇન્ડસ્ટ્રીને બુસ્ટઅપ મળશે.

મુખ્ય મહેમાન શ્રી રામ મોહન મિશ્રા (IAS)એ જણાવ્યુ હતુ કે, એમએસએમઇની સુરત બદલવી છે તો તેની શરૂઆત સુરતથી જ કરવી પડશે. ચેમ્બરે બિલ્ડીગ મટીરિયલ્સના પ્રદર્શન થકી આકાશને આંબવાની ઉડાન ભરી છે. અહી બિઝનેસની કોઇ સીમા નથી. તેમણે કહયુ કે, ગ્રાહકને ઘ્યાનમાં રાખી સારી નીતિથી જો પ્રોડકટ બનાવવામાં આવે તો એ લાંબા સુધી ચાલે છે. પ્રોડકટમાં ગ્રાહક માટેની ગુણવત્તા હોવી જોઇએ. સરકાર પણ નોલેજ, આંત્રપ્રિન્યોરશિપ, ફાયનાન્સ, ટેકનોલોજી, કોમન ફેસિલીટી સેન્ટર અને ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ જેવા સેગ્મેન્ટ માટે પ્રયાસ કરી રહી છે ત્યારે આપણી પાસે ગ્લોબલ માર્કેટ છે જયાં વિશાળ તકો ઉપલબ્ધ છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, કન્સ્ટ્રકશન બિઝનેસે મોડલ સાયન્સને અપનાવ્યુ છે પણ પ્રાચીનમાં મકાન બાંધવાની જે કળા હતી એ અદ્‌ભુત હતી. આથી આધુનિક યુગમાં નવી ટેકનોલોજીની સાથે દેશની સંસ્કૃતિને પણ જાળવી રાખવાનો પ્રયાસ કરવો જોઇએ. આના માટે કન્સ્ટ્રકશન ઇન્ડસ્ટ્રીએ પ્રાચીન કળાનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરીને આધુનિકતાનો સમન્વય કરી આગળ વધવુ જોઇએ.

શ્રી મિશ્રાએ એમએસએમઇની સ્કીમ ‘ઉદ્યમ સાથી’ અંતર્ગત ઉદ્યોગપતિઓને નવા આંત્રપ્રિન્યોર્સને તૈયાર કરવા માટે પ્રયાસ કરવાનો અનુરોધ કર્યો હતો. યુવા વર્ગને નવી તકો દેખાય છે પણ તેની પાછળની સમસ્યાઓ દેખાતી નથી. આથી ઉદ્યોગપતિઓએ બિઝનેસ ઇન્કયુબેશનમાં નવી પેઢીને જાગૃત કરવાનુ કામ કરવુ જોઇએ. તેમણે વધુમાં કહયુ કે, વર્ચ્યુઅલ રિયાલીટીનું ઇન્ફ્રાસ્ટ્રકચર વધારવાની જરૂરત છે. સરકાર ઉદ્યોગ સાહસિકો માટે ફેસિલીટી સેન્ટર સ્થાપવાનું વિચારી રહી છે ત્યારે ચેમ્બરમાં જ આ સેન્ટર સ્થાપિત થાય તો ઘણું સારુ રહેશે. એના માટે ચેમ્બરે ઇનીશીએટીવ લેવો જોઇએ તેવો તેમણે ચેમ્બરને અનુરોધ કર્યો હતો. તેમણે બધાને વિશ્વ બજાર સાથે જોડાવવા પણ શુભકામના પાઠવી હતી.

અતિથિ વિશેષ શ્રી દત્તાત્રય જોશીએ જણાવ્યુ હતુ કે, કન્સ્ટ્રકશન સેકટર ભારતનું ભવિષ્ય છે. આ પ્રદર્શનમાં એકઝીબીટર્સને હાર્ડવેર એન્ડ બિલ્ડીગ મટીરિયલ્સની બધી પ્રોડકટને શોકેસ કરવાની તક મળી છે. કન્સ્ટ્રકશન સેકટરમાં હવે સિનારીયો બદલાયો છે. એમાં પાવરટૂલ્સની ભૂમિકા મહત્વની બની છે. પાવરટૂલ્સ, બિઝનેસને પ્રમોટ કરે છે અને નવી ટેકનોલોજી લાવે છે.

આ પ્રદર્શનના ચેરમેન શ્રી હિરેન શાહે જણાવ્યુ હતુ કે આર્કીટેકટ, ઇન્ટીરીયર ડિઝાઇનર અને જાહેર જનતા સુધી નવી પ્રોડકટ અને તેની પ્રાઇઝ રેટની અવેરનેસ થાય તેમજ હાઉસિંગ માટેની બધી પ્રોડકટ એકજ છત્રની નીચે મળી રહે તે માટેનો પ્રયાસ કરવામાં આવ્યો છે. રીયલ એસ્ટેટ સંબંધિત નવી પ્રોડકટ એનર્જી અને કોસ્ટ ઇફેકટીવ છે. જાહેર જનતાને ખરીદી ઉપર સારી એવી સ્કીમ આપવા માટે પણ તેમણે સર્વે એકઝીબીટર્સને અનુરોધ કર્યો હતો.

તેમણે વધુમાં કહયુ કે, સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે ૯૦ હજાર સ્કવેર ફૂટ એરીયામાં પ્રદર્શન યોજાયુ છે. જેમાં ૧૪૫ એકઝીબીટર્સે ભાગ લીધો છે. પ્રદર્શનમાં ફર્નીચર એન્ડ સ્ટીલ સેગ્મેન્ટ, ફર્નીચર એન્ડ ફર્નીશીગ સેગ્મેન્ટ, હાર્ડવેર સેગ્મેન્ટ, સિરામીક સેગ્મેન્ટ, પેન્ટ સેગ્મેન્ટ, ઇલેકટ્રીકલ સેગ્મેન્ટ અને મશીન ટૂલ્સ સેગ્મેન્ટને આવરી લેવામાં આવ્યા છે. વિવિધ સેગ્મેન્ટમાં નવી ડિઝાઇન અને અદ્યતન

ટેકનોલોજીનું પ્રદર્શન કરવામાં આવશે. બીટુબી મિટીંગો યોજાશે તેમજ બ્રાન્ડ પ્રમોશન માટેની તકો આપવામાં આવશે.

ચેમ્બરની રીટેલ ટ્રેડ કમિટીના ચેરમેન તેમજ સુરત મશીન ટૂલ્સ હાર્ડવેર એન્ડ વેલ્ડીંગ મર્ચન્ટ્સ એસોસિએશનના પ્રમુખ શ્રી પ્રમોદ ભગતે જણાવ્યુ હતુ કે, ચેમ્બરે સુરત હાર્ડવેર એન્ડ બિલ્ડીંગ મટીરિયલ મર્ચન્ટ એસોસિએશન, સુરત સિરામીક એસોસિએશન, ધી સુરત આયર્ન એન્ડ સ્ટીલ મર્ચન્ટ એસોસિએશન, સુરત પેન્ટ્સ મર્ચન્ટ એસોસિએશન, સુરત મશીન ટૂલ્સ હાર્ડવેર એન્ડ વેલ્ડીંગ મર્ચન્ટ્સ એસોસિએશન, સુરત ઇલેકટ્રીકલ મર્ચન્ટ્સ એસોસિએશન અને સુરત ફર્નીચર એસોસિએશનની સાથે મળીને આ પ્રદર્શનનું આયોજન કર્યુ છે.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી દિનેશ નાવડીયાએ જણાવ્યુ હતુ કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી પણ સબકા સાથ સબકા વિકાસ સ્લોગનને આગળ ધપાવી રહયા છે ત્યારે ચેમ્બર પણ હવે બાંગ્લાદેશમાં ઢાકા ખાતે એકઝીબીશન કરવાનો પ્રયાસ કરી રહયુ છે. આ પ્રદર્શનમાં પણ એમએસએમઇ ઉદ્યોગકારો ભાગ લેશે અને ઉદ્યોગકારોને રાહત આપવા માટે ચેમ્બરે એમએસએમઇ કમિશનરને અપીલ પણ કરી છે તેમ જણાવી તેમણે સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સમારોહનું સમાપન થયુ હતુ.